પ્રકરણ:૩

❖ ૩.૧ ભાનુશંકર વ્યાસ : સર્જક પરિચય

ગુજરાતના વાંકાનેર મુકામે ૫મી ઓક્ટોબર ૧૯૨૪ના રોજ એક ગરીબ બ્રાહ્મણ કુટુંબમાં ભાનુશંકર વ્યાસનો જન્મ થયો હતો. પિતાનું નામ ઓધવજી વ્યાસ. નાનપણમાં માતા-પિતાને ગુમાવ્યા પછી મામાની છત્રછાયામાં ઉછરે છે. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વાંકાનેરમાં જ લીધું. વાંકાનેર છોડી મુંબઈ જઈ ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે સ્નાતક અને અનુસ્નાતકની પદવી મુંબઈ યુનિવર્સિટીમાંથી મેળવી. પૂના યુનિવર્સિટીમાંથી તત્ત્વદર્શન વિષય સાથે ફરીથી અનુસ્નાતકની પદવી મેળવી. આ રીતે અભ્યાસ પૂર્ણ કરી ૧૯૫૧માં શિક્ષક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરે છે. પાંચેક વર્ષ મુંબઈના અલગ અલગ વિદ્યાલયોમાં વિદ્યાભ્યાસ કરાવ્યા પછી યુગાન્ડા સરકારની ભલામણના લીધે મુંબઈ છોડી શિક્ષણ કાર્ય માટે જ ૨૦મી જુલાઈ ૧૯૫૫ના રોજ યુગાન્ડા તરફ પ્રયાણ કરે છે. આ પાંચેક વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓ અને અન્ય સાથી શિક્ષકોમાં તેઓ ખૂબ નામના મેળવી શક્યા હતા. ૧૯૭૨માં ઇદી અમીનના ફરમાનને લીધે યુગાન્ડા છોડવું પડે છે. યુગાન્ડા છોડી ઇંગ્લેન્ડના લેસ્ટર ખાતે તેઓ સ્થાયી થાય છે.

'યુગાન્તર' સપ્તાહિકમાં ૧૯૪૭માં તેમની પ્રથમ કાવ્યરચના પ્રગટ થાય છે. ત્યાર પછી તેમણે ક્યારેય પાછળ ફરીને જોયું નથી. તેમની કલમ સાહિત્યક્ષેત્રે સતત ચાલતી રહી. જેના લીધે વાર્તાસંગ્રહો, નિબંધસંગ્રહો, વિવેચનગ્રંથો ઉપરાંત સંપાદનો પણ પ્રાપ્ત થયાં છે. તેમ છતાં ભાનુશંકર વ્યાસ મુખ્યત્વે કવિ છે. બાકી બધા સાહિત્યસ્વરૂપો કરતાં કવિતાઓમાં તેમની પ્રતિભા વિશેષ પ્રગટે છે. તેમના સાહિત્યસર્જન વિશે વાત કરતાં બળવંત નાયક પોતાના એક લેખમાં લખે છે કે, 'કવિતા ઉપરાંત બીજાં વાઙમયમાં એમણે ખેડાણ કર્યું હતું તેમાં મુખ્યત્વે નિબંધો અને વાર્તાઓ છે. નવલકથાક્ષેત્રે હાથ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો એને એમાં જોકે એમને ધારેલી સફળતા મળી ન હતી પણ નવલકથાસાહિત્યક્ષેત્રે વિવેચન કક્ષાએ એમને સારી એવી કામગીરી બજાવી હતી.' {મનોમંથનનો કવિ [ભાનુશંકર ઓધવજી વ્યાસ : ૧૯૨૪-૧૯૮૭], શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ (પંચોતેરમે), રંગદ્વાર પ્રકાશન – અમદાવાદ, પ્રથમ આવૃત્તિઃ ૧૯૯૭, પૃ.૩૩૩}

તેમની પત્નીનું નામ પ્રભાવતીબહેન. તેમને કુલ ત્રણ સંતાનો : કે દીકરાઓ અને એક દીકરી. દીકરાઓના નામ વિજય અને નિરજ રાખ્યા હતા જ્યારે દીકરીનું નામ હરિતા. ત્રેસઠ વર્ષની ઉંમરે તારીખ ૧૨મી સપ્ટેબરના રોજ ઇંગ્લેન્ડના લેસ્ટર ખાતે તેમનું અવસાન થાય છે અને એ રીતે આ દુનિયામાંથી તેઓ વિદાય લે છે.

અહીં ભાનુશંકર વ્યાસના કાવ્યો અને વાર્તાઓ વિશે વાત કરી છે. તેમની પાસેથી કવિતા અને વાર્તાઓ ઉપરાંત સ્વતંત્ર રીતે ૧૯૮૩માં 'અવકાશી ઉલ્કા ને દરિયે બિંબ' અને ૧૯૮૭માં 'ભય, બન્ધન અને

મુક્તિ' તો બળવંત નાયક અને ટી.પી.સૂચક સાથે મળી ૧૯૬૨માં 'આફ્રિકાની શ્રેષ્ઠ વાર્તાઓ' અને બળવંત નાયક સાથે જ મળી ૧૯૬૨માં 'વિશ્વની શ્રેષ્ઠ સાહસકથાઓ' નામે વાર્તાઓના સંપાદનો પ્રાપ્ત થયા છે. નિબંધસંગ્રહોમાં તેમની પાસેથી 'સાહસિકોની સ્વપ્નભૂમિ' (૧૯૫૯), 'મંદારની પરકમ્મા' (૧૯૬૩), 'અમર દાર્શનિકો' (૧૯૬૬), 'અજય ભોમનાં અનુપમ ગામ' (૧૯૭૪), 'સોના ઈંઢોણી રૂપા બેડલું' (૧૯૭૪), 'ખારો સમદર, મીઠાં વારિ' (૧૯૭૪), 'અસીમને ઓવારે' (૧૯૭૫), 'ઉપત્યકા સૂરજની તુષારસેજ' (૧૯૮૬) મળ્યાં છે. 'માનવ, સંસ્કૃતિ અને ધર્મ' (૧૯૬૪) અને 'ધરતીના ખપ્પરમાં આભ' (૧૯૭૯) જેવા બે નિબંધના સંપાદનો પણ તેમની પાસેથી મળે છે. વિવેચન અને સંશોધન ક્ષેત્રે પણ તેમની પાસેથી માતબર કહી શકાય તે પ્રકારનું સાહિત્ય મળ્યું છે જેમાં 'નિર્ઝર' (૧૯૭૧), 'પ્રરોહ' (૧૯૭૪), 'અરુણ' (૧૯૭૫), 'કવિતા – સૂર્યનો અંકુર' (૧૯૭૫), 'સૂર્યને સાગરનાં આહવાન' (૧૯૭૭),'સૂર્ય સુર ધેનુનો સહકાર' (૧૯૮૩) ઉપરાંત ૧૯૮૪૧માં એક 'નીલ સલીલ નીરજ દલ ઝૂલે' જેવું સંપાદન છે. ગુજરાતી ઉપરાંત હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ તેમણે સાહિત્ય સર્જન કર્યું છે. જેમાં 'સુભાષિત મંજુષા' (૧૯૫૩), 'The Breaking Barriers' (૧૯૭૪), 'Language, Literature and Art (૧૯૮૩), 'Conscence and Rural Phenomena' (૧૯૮૩), 'Stare to Infinity' (૧૯૮૩) અને 'નયી સૃષ્ટિ, નયી સીમા' (૧૯૮૫)નો સમાવેશ થાય છે.

૧૯૬૩માં પ્રગટ થયેલા તેમના નિબંધસંગ્રહ 'મંદારની પરકમ્મા'ને ગુજરાત રાજ્યનો પુરસ્કાર પણ મળેલ છે.

❖ ૩.૨ ભાનુશંકર વ્યાસની કવિતામાં ડાયસ્પોરિક વલણો

ભાનુશંકર વ્યાસ પાસેથી કુલ સાત જેટલા કવ્યસંગ્રહો પ્રાપ્ત થયાં છે. જેમાં 'પરિવેશ' (૧૯૫૭), 'સંકેત' (૧૯૬૬), 'સંનિવેશ' (૧૯૭૧), 'સમીર' (૧૯૭૨), 'પ્રસ્પંદ (૧૯૭૩), 'પદરવ' (૧૯૭૪) અને 'તરંગ' (૧૯૭૪)નો સમાવેશ થાય છે. આમાંથી 'તરંગ' બાળકાવ્યોનો સંગ્રહ છે. તેમના કાવ્યો ઇયતત્તા અને ગુણવત્તા એમ બન્ને બાબતે ચડિયાતા છે. ગીત. ગઝલ, સૉનેટ, મુક્તક, અછાંદસ વગેરે સાહિત્ય સ્વરૂપોની રચનાઓ તેમના સંગ્રહોમાંથી મળે છે. તેમની મોટાભાગની કવિતાઓ ચિંતન પ્રધાન છે આથી ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ પ્રગટતી હોય તેવી બહુ ઓછી રચનાઓ તેમની પાસેથી મળી છે.

- વતનપ્રેમ

ભારતની આઝાદીનો દિવસ એટલે ૧૫મી ઓગસ્ટ. આ દિવસ તમામ ભારતીયો માટે ઉત્સવ સમાન છે. આ દિવસનો મહિમાગાન કરતા સર્જક પોતાની 'પ્રોજ્જ્વલિત પૂર્ણિમા' નામની કવિતામાં કહે છે કે,

કાળતણા યે અકળ ગર્ભમાં
સૂતેલા ઔરોબિન્દોની – મહર્ષની ભારતને દીધી

અમૂલ ને ઉદ્‌બુદ્ધ ભેટ; ક્યમ તારી હોય શિકસ્ત,

હે પંદરમી ઓગસ્ટ! (પરિવેશ, પૃ.૩૨)

તો આ જ કાવ્યમાં આઝાદીની લડત માટે પોતાના જીવની આહુતિ આપી દેનાર અનેક ક્રાંતિકારી અને શહિદોને પણ તેમણે યાદ કર્યા છે. તો 'લહર ત્રિરંગા' કાવ્યમાં આ શહીદોની ગાથા આ રીતે આલેખે છે,

સાક્ષી સિતમ – ભીષણ – સદીઓના,

ખૂન, અશ્રુ, બલિ, વીરત્વ સૌના,

ગુંજ ગુંજ કલ ઋત અભિલાષા

લહર ત્રિરંગા, લહર લહર! (પરિવેશ, પૃ.૯૩)

'નવોન્મેષ' (પરિવેશ, પૃ.૫૧) નામના કાવ્યમાં પણ આ જ પ્રકારે યશગાથા તેમણે આલેખી છે. કવિના મતે ઓગસ્ટ મહિનો ભારત માટે લાભદાયક છે. ઓગસ્ટ મહિનામાં જ ભારતને આઝાદી મળી હોવાથી ઓગસ્ટ મહિનો તેમને વિશ્વમાં એકતા, બંધુત્વ અને શાંતિ સ્થાપવાની પહેલી સીડી લાગે છે. ઓગસ્ટનો મહિનો ભૂતકાળમાં થયેલા અત્યાચારો ભૂલવાનો અને આવનારા ભવિષ્યને વધાવવાની ક્ષણને માટે છે. 'અમરમુક્તિની ઉષા' નામના સૉનેટમાં આ લડતની આખી તવારીખ આપતાં તેઓ કહે છે કે,

ગળ્યાં ગરલ કારમાં, પ્રખર તાંડવો જુલ્મનાં

કલંક, બદબૂ, ખૂનો, અકથ વેદના વિશ્વનાં,

પ્રચંડ લય, વૃષ્ટિ ને વિષય પાત ઉત્પાતના,

અદીઠ સિતમો સહી ઉઝરડે કસી શૃંખલા,

દગા, દમન, દુરિતો અડગ થૈ મહાક્રાંતિનાં

અતાગ જળ કાપતાં વિજયમૌક્તિકો પામિયા! (પરિવેશ, પૃ.૬૩)

તેઓ 'આવ ઓગસ્ટ હે!' નામનાં કાવ્યમાં આગળ કહે છે કે,

વીજળી શક્તિ ઉદ્દંડ પેટાવવા,

હણહણ્યા ઘટ તણે ઘોડલે રોપવા,

બંધુતા સ્થાપવા,

વિશ્વસ-મુક્તિનાં દ્વારને ખોલવા,

આત્મતલસાટના ઓધને વાળવા,

દાસ્ય દફનાવવા,

સામ્ય સરજાવવા,

આરતાની બૂઝી જ્યોત ચેતાવવા

આવ, ઑગસ્ટ હે ! (પરિવેશ, પૃ.૪૪)

આઝાદી મળી ગઈ હવે સંગ્રેજોની ગુલામીમાંથી મુક્ત થઈ સ્વેચ્છાએ જે રીતે જીવન જીવવું હશે એ રીતે જીવી શકાશે. દરેક વ્યક્તિ પોતાની મરજી મુજબના કાર્યો કરી શકશે. કોઈપણ પ્રકારની રોકટોક અને બાધાઓ હવે નહિ આવે આથી હવે નિરાશા ત્યાગી આશાવાદી બનવાની જરૂર છે, તેથી જ કવિ કહે છે કે,

નહીં હવે ગાશું નિરાશ ગાનો,
છેડીશું મુક્તિમૃદુ મંજુ તાનો,
ઉન્મત્ત થૈ ગાન ગજાવતાં એ
રાચીશું ઊર્મિલ બુલંદ ગીતે! (પરિવેશ, પૃ.૮૯)

તો આઝાદી મળ્યાં પછી એને ટકાવી રાખવી જરૂરી હોય છે. આપણે પાછા ગુલામ ન બની જઈએ એ માટે જાગ્રત રહેવાની ટકોર કરતાં કહે છે.

સદાશિવા જાગ્રત રાખજે વળીઃ
ગુલામીના ગર્તમહીં ન ખૂંપિયે! (પરિવેશ, પૃ.૬૮)

આઝાદી મળી ગઈ હોવા છતાં લોકોમાં શિક્ષણનો અભાવ હતો એ સૌથી મોટો પડકાર હતો. વળી, લોકોમાં જાગૃતિનો સદંતર અભાવ હોવાને લીધે અને જરૂરી સંસાધનોની ઉણપના કારણે આઝાદી પછી પણ ક્યાંક ક્યાંક હજી ગુલામી જેવી જ પરિસ્થિતિ નજરે ચડતા કવિહૃદય હતાશ થાય છે અને પોકારી ઉઠે છે કે,

'અનંત દોર'
દેખાડશો કે
સ્વાતંત્ર્ય ક્યાં છે?
દારિદ્રય દુઃખે પરિવૃત્ત એના
એ ચીથરેહાલ ગુલામ પ્હેલાં
જેવા હતા નિર્ધન, નગ્ન લોકો
તેવા જ તેવા ખડતાકુટાતા
આજે મથે જીવન રહેંસવાને !
સ્વાતંત્ર્યની વાત જ ઑર કેવી ?
આ મુક્તિની ધોર મજાક કેવી ? (પરિવેશ, પૃ.૪૯)

તેમ છતાં ગાંધીજી, દેશના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુ અને ડૉ. સર્વોપલ્લી રાધાકૃષ્ણન જેવા વ્યક્તિઓને તેઓ આદર્શ ગણી તેમની યશગાથા પણ ગાય છે. ભારતને કવિ બુદ્ધ અને ગાંધીની ધરતી ગણાવે છે. વળી, ભારત માટે તેમને અપાર શ્રદ્ધા પણ છે. તો ર.વ. દેસાઈ વિશે પણ એક અલાયદું કાવ્ય લખે

છે. ગાંધીજી વિષયક કવિતાનું શીર્ષક તેઓ 'દેવમાનવ' રાખે છે તે તેમની ગાંધીજી પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. તેમાં તેઓ કહે છે કે,

સત્ય, પ્રેમ, અહિંસાનો ઝંડો ધરી
ભડવીર, ફકીર ઝૂઝયો જિંદગી,
નહીં રુક્યો, ડગ્યો; થડક્યો ન જરી,
સારી આલમને શાંતિવાટ કરી ! (પરિવેશ, પૃ.૧૦૭)

ભારત છોડી આફ્રિકા અને બ્રિટન જેવા દેશોમાં રહેવા છતાં પણ દરેક ભારતીય કરે છે તેમ ભારતીય તહેવારોને તેઓ ઉજવે છે, તેને ભૂલ્યાં નથી. 'દીપાવલી' જેવા કાવ્યો એની સાબિતી છે. આ બધું કરવા છતાં વતન તો યાદ આવે જ છે. એટલે વતનને યાદ કરતાં 'વતનની પ્રીત' જેવું કાવ્ય લખે અને કહે છે કે,

સીમાડા ભેદતી ચારો ખલક-પટ પર પધારે છે,
વતનની પ્રીતડી મીઠી, મદિલી, મસ્ત આવે છે,
હૃદયના મંદ્ર તારોમાં પ્રકંપન્ન ઑર લાવે છે,
'સકળ સંસારની જાણે જવાની લઈને આવે છે.' (પરિવેશ, પૃ.૫૫)

તો આઝાદીના એક દાયકા પછી પણ તેમને વતનનો ભૂતકાળ યાદ આવે છે. વર્ષોના વ્હાણા વાયા છતાં પણ આઝાદી વખતની યાદો સર્જકના માનસમાંથી નીકળતી નથી. જોઈએ કેવી છે એ યાદોઃ

ઘન અંધકારથી ભરી ભરી
કો કાજળકાળી રાતતણાં –
જે રાતતણો એ ભાર વહીને
ત્રાસ અસહ ને માર સહીને
બેવડ પીઠ હજી ય કળે છે –
કાળાં શમણાં
દમતાં રહે છે, પીડી લે છે –
એવી એ નિર્દય રાત હતી,
ઘન અંધકાર ભરી ભરી,
કો કાજળ કાળી રાત હતી.
એ રાત હતી ! (સંકેત, પૃ.૪૬)

પરિસ્થિતિઓ ગમે તેટલી પ્રતિકુળ હોય પણ સ્વદેશ પ્રત્યેનું મમત્ત્વ એમ સાવ સરળતાથી તો કોઈ પણ ના છોડી શકે. એટલે 'સ્મૃતિ ચિહ્ન' કાવ્યમાં ભારતીયોને ઉદ્દેશીને તેઓ કહે છે કે,

અનન્ય ભારતવાસી,
ધૈર્ય સ્થૈર્ય ગંભીરતાની તુંજ સંપત્તિ અવિનાશી,
હે અનન્ય ભારતવાસી ! (સમીર, પૃ.૬૪)

- માતૃભૂમિ

મોટાભાગના લોકો વિદેશ જઈ પૈસો કમાવવામાં એટલા ખોવાઈ જાય છે કે પોતાની જન્મભૂમિને સાવ જ ભૂલી જાય છે. પશ્ચિમી સંસ્કૃતિની ભાગદોડ ભરી જિંદગીમાં પરિવાર માટે પણ પૂરતો સમય ન કાઠી શકતા ડાયસ્પોરાને સર્જક માતૃભૂમિને હંમેશા યાદ રાખવાની ભલામણ કરતાં કહે છે કે,

છો માન, સત્તા, ધન સૌ સમર્થક,
કંગાલ એ સ્વાર્થમહીં ડૂબેલ
સત્કીર્તિ આ જિંદગીની ગુમાવશે
એ માન, સત્તા, ધન સૌ નિરથક. (પરિવેશ, પૃ.૯૭)

માત્ર કહેવા કરતાં કરી બતાવવું એ સારી રીત કહેવાય છે. આથી જન્મભૂમિ સંદર્ભે ‘આતમગીત’ નામના કાવ્યમાં તેઓ કહે છે કે,

હે જનમભોમ,
ઉલ્લાસ સભર ઓ નંદનવન અમ જીવનનું,
છો ગૌરવમય તું ગીત પુનિત અમ આતમનું ! (સમીર, પૃ.૫)

આ જ ભાવ તેમના બીજા ‘સમર્પણ’ નામના કાવ્યમાં તેઓ નીચે મુજબ આલેખે છેઃ

હે જન્મભૂમિ, જનની યશસ્વિની,
પ્રણામ કોટિ ચરણે હજો તવ;
વહાવજે આશિષ તાહરી ચિર,
જેથી રહે મુક્તિ સમસ્ત વિશ્વની ! (સમીર, પૃ.૬૫)

તો ‘ઉદ્ધાર’ નામના કાવ્યમાં પોતાના બાળપણની ક્ષણો જે જન્મભૂમિમાં વિતાવી છે એ જન્મભૂમિને યાદ કરી પોતાના સંસ્મરણો વાગોળતા કહે છે કે,

ગોદ ખૂંદતો કાલે ટહેલ્યો
ટાબરિયાને સંગ;
નથી ભુંસાયા આંક પાટિયે–
ઘૂંટ્યા વારંવાર,
વર્ષોની વણજાર ! (સમીર, પૃ.૩૭)

પહેલી મે ૧૯૬૦ના રોજ મહારાષ્ટ્રમાંથી છૂટા પડી ગુજરાત રાજ્યની સ્થાપના થાય છે તે જ દિવસે કવિ ગુજરાતની યશગાથા તરીકે ગુજરાતને 'વિશાળ', 'સશક્ત' અને 'અખંડ' જેવી ઉપમાઓ આપે છે. આ જ દિવસે લખેલા બીજા કાવ્ય 'ગાન'માં કહે છે કે,

ભારતનું એ અંગ અનુપમ આજે ઊભું સ–માન,
ગુર્જર સપૂતોનું અંતર અવ ધરે નવા અરમાન,
ગાયે ગુર્જરીનાં જયગાન ! (સંકેત, પૃ.૭૮)

વાંકાનેરથી મુંબઈ, મુંબઈથી યુગાન્ડા અને યુગાન્ડાથી બ્રિટન એમ સમયાંતરે સ્થળાંતર કરવાનું તેમના નસીબે આવે છે. કવિ જે જગ્યાએ ગયા છે ત્યાંના થઈ રહેવાની પૂરી કોશિશ તેમણે કરી છે. તેમ છતાં જન્મભૂમિની યાદ તો તેમને ક્યારેક સતાવી જ જાય છે. આવી યાદો આવે ત્યારે મન વ્યાકુળ થઈ ઉઠે છે. આથી સર્જક 'વનમાળી' કાવ્યમાં લખે છે કે,

અતીત ભૂલવા લગીર મથું છું, યાદ સલકતી ભારે,
ઢળતાં તેજે તમસ ચૂથું છું કાલિંદીને કિનારે;
સંપત સ્વરની હજી ગૂથું છું નિજ અંતરને તારે (પ્રસ્પંદ, પૃ.૪૩)

તો આટઆટલી જગ્યાઓ બદલ્યાં પછી સ્થળાંતરનો પણ થાક લાગતા તેઓ કહે છે કે,

ભૂતકાળ આ મંગળ યાત્રાનો
પંથ અખૂટ દીસે છે,
ઘણાં બંદરે પાય ઠેરવ્યાં,
અગણિત શેષ લસે છે. (સમીર, પૃ.૩૫)

'તર્પણ' કાવ્યમાં સ્વદેશ છૂટવાથી પોતાના જીવન પર પડેલી અસરો વર્ણવતાં લખે છે કે,

વસી વિદેશી પવનોની મધ્યમાં,
દીધી સહુ ખોઈ મિરાત મૂલ્યવાં
લ્યાં ભગ્ન હૈયું, સ્વરભાન ખંડિત
ઊઠે ખરી રાગિણી તાનમંડિત ? (પ્રસ્પંદ, પૃ.૧૦)

વિદેશમાં રહીને દાદાજીની યાદ આવતા તેમનો ચહેરો અને પહેરવેશ તેમની નજર સમક્ષ તાદશ્ય થાય છે, તેનું વર્ણન કરતાં કહે છે કે,

શી આંટિયાળી શિર પાઘ ધારી,
જાણે મૂક્યું સૂતરનું ન ફિંડલું !
એ કોટ લાંબો, ચશમાં તૂટેલાં

ને ધોતિયું હાથ જ પાંચ જાડું ! (પરિવેશ, પૃ.૧૨૬)

વતન અને સ્વજનોની સ્મૃતિઓ ‘અલવિદા’ કાવ્યમાં વાગોળે છે. વતનની વિદાય લેતી વખતે સૌ સ્વજનો તેમણે વળાવવા આવ્યા હતાં તેનાં વર્ણનો આ કાવ્યમાં છે. તો વતનની સ્મૃતિઓ વાગોળતા ‘મિનારા’ કાવ્યમાં કહે છે કે,

બેઉ – મિનારા,

ગામના મારા

કાળથી ઉભા, ગામને છેડે

કૌતુક સઘળું નીરખનારા,

બેઉ મિનારા ! (સંકેત, પૃ.૧૦૪)

મચ્છુ નદીના તટે વિતાવેલું ભૂતકાળ તેમને આજે પણ યાદ આવે છે એટલે કહે છે કે,

આજે સ્મરે એ દિન ભૂતકાળનાં :

આળોટી અંકે રસખેલ ખેલ્યા

લંગોટિયા ભેરુ બધા મળીને

ડહોળ્યાં, ડખોળ્યાં જળ સ્વચ્છ તારાં ! (પરિવેશ, પૃ.૧૨૦)

સ્વજનો અને પ્રાણથી પ્યારું વતન છોડ્યા પછી તેમને ક્યારેક એકલતા પણ અનુભવાઈ છે. આવી એકલતાની ક્ષણો વિશે કવિ ‘અભાગી’ નામના મુક્તકમાં કહે છે કે,

ધીમે ઝમે મૃદુલ સાવન મેઘ જ્યારે

ભિંજાય સૃષ્ટિ સઘળે અમી છાંટણાથી;

ત્યારે બની અટલ શુષ્ક, અગમ્ય હૈયું

કોરું રહે પરમ એકલ કાં અભાગી? (પરિવેશ, પૃ.૧૩)

ભારત છોડી આફ્રિકા જઈ ત્યાં વસવામાં પણ દરેક વ્યક્તિને પડે તેવી તકલીફો તેમને પણ પડી છે. ત્યાં જઈને મહેનત કરવી પડી છે. આખરે વતનની યાદો ધીરે ધીરે ભૂલાવા લાગી છે આથી કહે છે કે,

ભુલી એ માયા ને વિષયઉદધિ પાર ઉતર્યા,

ભૂલ્યાં સંસારીના પ્રબળ અનુરાગોની ભ્રમણા;

શમાવ્યા સંતાપો, જગતભરના દ્વેષ કલહો! (સંકેત, પૃ.૬૩)

માતૃભૂમિને જ્યારે કાયમ માટે અલવિદા કહી જ દીધી છે ત્યારે માત્ર તેની યાદોના લીધે દુઃખી થવામાં શો લાભ ! આથી સ્વસ્થ થઈ પોતે કહે છે કે,

તમા ન સામીપ્યતણા અભાવની,

લગીર હૈયે વસતી ન પીડા;
છો ને રહે દર્શનની અશક્યતા,
નહિ ધરું અંતર ખેદ સ્વલ્પ. (સમીર, પૃ.૬૨)

વર્ષો સુધી પરદેશમાં રહ્યા પછી સ્વદેશમાં પરત ફરવાની કોઈ શક્યાઓ કવિને દેખાતી નથી આથી કહે છે કે,

વર્ષનાં વ્હાણાં વીત્યાં
એ દેશ બદલ્યે,
વેશ બદલ્યે,
રંગને રાગો ય બદલ્યે !
હાવાં પરત ક્યાંથી જવાયે ?
જંજીર પાયે પર ભૂમિની
સંસ્કૃતિને ધર્મની ચિનગારી યે ચાલી ગઈ !
ભયત્રસ્ત ભાસે થથરતું
ચોગમ તિમિરસામ્રાજ્ય છો;
દૂર, અતિશય દૂરથી
અસ્પષ્ટ શ્રવણે આવતો
કંપિત, પરિચિત
નાદ યે છો ! (સમીર, પૃ.૮૨)

સ્વદેશ છૂટી ગયું છે અને વિદેશ જ હવે કાયમી સ્થાન માની લીધું છે. અહીં ધીમે ધીમે સ્થાયી થયા પછી સર્જક પોતાના સ્વદેશ પરત ફરવા માંગતા નથી તેનો એકરાર કરતાં કહે છે કે,

સુખે રે'શું આહીં, સહશું દુઃખડાં આ જ સ્થળનાં
અહીં પામી મૃત્યુ, જનમ ફરીથી એહ ધરશું,
હિસાબે પાપોનો અહીંજ ભરશું, પુણ્ય વરશું ! (સંકેત, પૃ.૬૪)

આઝાદી પછી ભારતની આર્થિક સ્થિતિ સારી નહોતી. રોજગારીની બહુ ઓછી તકો હતી. ભણેલા ગણેલા લોકો આથી પરદેશ તરફ મીંટ માંડે છે. પરદેશ જવા સિવાય આ લોકો પાસે બીજો ઉપાઉ નહોતો આથી આવી ક્ષણે કવિ કહે છે કે,

પંખીડાં ખંખેરો હવે નિદરું હો જી,
        વ્હાણું વાયું ઊગમણે આભ,
મેલો રે માળાના મોહ મોકળા હો જી! (પરિવેશ, પૃ.૧૬)

આ સફરમાં કોઈ સાથ આપે કે ન આપે તો પણ પોતાની મંજિલ મેળવવા ખાતર તેમણે કાર્ય કરતાં રહેવું એવી શિખામણ આપતાં કહે છે કે,

ઊડવાં એકલડાં છો ને રહ્યાં હો જી,
વીંધી વેરી વગડાના વા,
વણભે જો એક ફેરો ઊડિયા હો જી,
ખૂટશે આકુડી ભવવાટ!
અદીઠ અગોચર ભોમે સંચરો હો જી! (પરિવેશ, પૃ.૧૭)

આ પંક્તિઓ રવીન્દ્રનાથ ટાગોરની પેલી પંક્તિઓની યાદ અપાવે છે,

એકલો જાને, એકલો જાને, એકલો જાને રે
તારી જો હાક સુણી
કોઈ ના આવે તો
એકલો જાને રે

વર્ષો પછી વતનમાં પરત ફરતી વખતે સર્જકને પોતાનું ગામ બદલાઈ ગયેલું લાગે છે. થોડું મનોમંથન કરતાં સર્જકને એવું પણ લાગે છે કે ક્યાંક પોતે પણ બદલાઈ ચુક્યા છે. ગામડાંની બદલાઈ ગયેલી પરિસ્થિતો વિશે નોંધતા તેઓ કહે છે કે,

ત્રીશીમાં હતી એવી જ ધૂળ
શેરીમાં ઊડ્યા કરે છે સ્થૂળ
ખાડામાં સૂતેલા કૂતરાં આજે ય
કોઈનો પગ પડતાં ભસવા લાગે છે.
ધન-કોડીએ રમતાં છોકરાંનું વધ્યું છે
એ સંડાસથી ચિતરાયેલ રસ્તો પુકારે છે.
યુગ છો બદલે, દુનિયા બદલે
મારું ગામ કહે છેઃ 'એમાં મારે શું ?' (પદરવ, પૃ.૭૦)

ભારત તેમણે સ્વેચ્છાએ છોડ્યું હતું પણ બીજા ડાયસ્પોરાની જેમ વિદેશમાં જઈ પૈસા કમાવવા ખાતર નહીં. તેઓ શિક્ષક જીવ છે. સુખ, સુવિધાઓ મળવી જ જોઈએ એવી અપેક્ષાઓ તેમને ક્યારેય થઈ નથી. આથી કહે છે કે,

ન ટાઈ, નહિ હેટ કે પગરખાં રૂડાં ફ્લેક્સનાં,
સુનેરી ચશમા ન વા ધવલ, મૂલ્યવાં અંબરો;

સ્વસૂટ સફરાં ભલે ન કદી અંગ મારે હજો,
સદા ચીંથરવેલ એ નસીબપાત્ર મારે હજો. (પરિવેશ, પૃ.૭૧)

- સંસ્કૃત સાહિત્યનો પ્રભાવ

જ્ઞાતિએ મૂળે બ્રાહ્મણ અને સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાએ સંસ્કૃત ભાષા સાહિત્ય સાથે અભ્યાસ કર્યો હોવાથી તેમના સાહિત્યમાં તેઓ સંસ્કૃત ભાષાનો પણ ઉપયોગ કરે છે. 'सुखं शेते साश्वत' નામના કાવ્યમાં તેઓ સંસ્કૃત સાહિત્યના મહાન કવિઓને યાદ કરી કહે છે કે,

કવિકુલોના ગુરુ કાલિદાસ
ને હાસ શા ભાસ, શ્રીહર્ષ હર્ષ,
'एको रसः' ના ભવભૂતિ, બાણ તો
વહાવી ગદ્યે લયતાન પદ્યનાં;
આલાપતા દીપક દીપજ્વાલક
આકાશમાં કૈં ધન ઉમટાવતા
બિથોવનો, સૂર ચ તાનસેનો
નિર્વાણ કેડે તવ આશરે શમે. (પરિવેશ, પૃ.૧૩૯)

તો 'ઓળા' નામના તેમના બીજા એક કાવ્યમાં પણ સંસ્કૃત ભાષાનો તેમણે કરેલો ઉપયોગ નીચે મુજબ છેઃ

ચૌદ વર્ષો વને ગાળી આવિયાં રાજધાનીમાં
પ્રજાના રંજનાર્થે ત્યાં આદેશ્યો ભ્રાત લક્ષ્મણઃ
स त्वं रथी तद् व्यपदेशनेयं
प्रापथ्य वाल्मीकि पदं त्यजैनाम । (સંકેત, પૃ.૮૫)

❖ ૩.૩ ભાનુશંકર વ્યાસની વાર્તામાં ડાયસ્પોરિક વલણો

ભાનુશંકર ઓધવજી વ્યાસ પાસેથી ગુજરાતી સાહિત્યને બે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થયાં છેઃ 'મેળાનાં પંખી' (૧૯૬૧) અને 'દરિયાની પાંપણમાં સૂરજ પલકે' (૧૯૮૬). આ સંગ્રહોમાં સ્થાન પામેલી તમામ વાર્તાઓ વિશે વાત કરવાને બદલે જે જે વાર્તાઓમાં મને ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ જોવા મળી છે એવી જ વાર્તાઓ વિશે મેં વાત કરવાનો ઉપક્રમ રાખ્યો છે.

- સમસ્યાનું સમીકરણ

પોતાના વતન બેલ્જિયમને છોડી એક પરિવાર કોંગોને પોતાની કર્મભૂમિ બનાવે છે. ત્યાંના લોકોને પોતાના પરિવાર માને છે અને અચાનક એક દિવસે એ લોકો પારકા બની જાય છે ત્યારે કેવી અવદશા થાય

છે તેની આ વાર્તા છે. વાર્તાનું આલેખન આમ તો ફ્લેશબેક ટેકનિકથી થયું છે. પીટરને બે બહેનો મળે છે ત્યાંથી આ વાર્તા શરૂ થાય છે. આ વાર્તા બે બહેનો એલિસ અને કેથેરાઈનની આસપાસ રચાઈ છે. જેમાં ત્રીજું મહત્ત્વનું પાત્ર પીટર છે. એલિસ અને કેથેરાઈન મૂળે બેલ્જિયમની છે પણ દસેક વર્ષથી કોંગો દેશના લીઓ પોલ્ડવિલ નામના શહેરમાં પોતાના માતા-પિતા સાથે રહેતી હોય છે. કુટુંબના ચારેય સભ્યો નોકરી-ધંધો કરે છે. એવામાં કોંગો દેશને આઝાદી મળે છે. આઝાદીના આ ઉત્સવમાં તેમનું પરિવાર પણ સહભાગી થાય છે. પણ આ ઉત્સાહ થોડાં જ દિવસોમાં પીડા દાયક બની રહે છે. આઝાદીના આવેશમાં આવી ગયેલા કોંગોલીઝ મનફાવે તેમ ચોરી અને લૂંટફાટ કરવા લાગ્યાં હતાં. આ લોકોના નિશાના પર ગોરા લોકો હોય છે. રંગભેદની નીતિ તેનું મુખ્ય કારણ હોય છે. એલિસના પરિવારને લાગે છે કે આ અંધાધૂંધી થોડાં જ દિવસોમાં શમી જશે. પણ જેમ જેમ સમય વીતે છે તેમ તેમ તેમને પોતાની માન્યતા ખોટી હતી તેનો અંદેશો આવી જાય છે. એવામાં એક દિવસ તેમના માતા પિતાને કોંગોલિઝ મારી નાંખે છે. ઘરમાં કામ કરતાં નોકર દ્વારા જ તેમને આ માહિતી મળે છે. તે બન્ને બહેનો હવે નિરાધાર હતી. ઘરમાં પૂરાઈ રહેવામાં પણ સમજદારી નહોતી આથી પુરુષ વેશે બન્ને બહેનો ઘર છોડી યુગાન્ડા તરફ કોઈના ધ્યાને ન ચડે એ રીતે આગળ વધે છે. ઘણા દિવસો આવી રીતે વિતાવ્યા પછી સદનસીબે યુગાન્ડા તરફ જતી એક ટ્રક તેમને મળી જાય છે. તેમાં બેસી બન્ને બહેનો યુગાન્ડામાં આવી જાય છે. ફૂટપાથ પર પોતાની જાતને સંકોરીને બેઠેલી બે બહેનો પર સ્કૂટરથી જતાં એક પીટર નામના યુવાનની નજર પડે છે. પીટર આ બે બહેનોને વારાફરતી પોતાના સ્કૂટર પર બેસાડી પોતાના ઘરે લાવે છે. જમાડે છે. દેખરેખ કરે છે. પોતાની ઓળખાણથી આ બન્ને બહેનોના બેલ્જિયમ જવાની વ્યવસ્થા કરાવી આપે છે.

આમ, પોતાના વતનથી દૂર પરાયા દેશમાં શાંતિપૂર્ણ જીવનની આશાએ આવેલ એક કુટુંબ વેરવિખેર થઈ જાય છે તેની આ કથા છે. વાર્તામાં એલિસ અને કેથેરાઈનને અનાયાસે કરવા પડેલા સ્થળાંતરની વ્યથા છે, એ પાછળના કારણો છે અને માતા-પિતા ગુમાવ્યાનું દુઃખ પણ છે.

પોતાનું સ્વદેશ છોડી વર્ષો સુધી જે કોંગો દેશમાં રહેતા પરિવારની દુઃખદ કહાણીની આ વાર્તા છે. એલિસ, કેથેરાઈન તેમના માતા અને પિતા દિવસભર કામના લીધે બહાર રહેતા પણ તેમની એક ટેવ હતી કે બપોરે બધા સાથે જ જમતાં. એક દિવસ બપોરે જમવાનો સમય થયો હોવા છતાં એલિસને તેના પિતા લેવા ન આવ્યા. એલિસને ત્યારે એવું લાગ્યું કે પપ્પા કોઈક કામમાં રોકાઈ ગયા હશે. આથી તે દિવસે તેને એકલીએ બજારમાંથી થોડો નાસ્તો લઈ જમી લીધું. તે દિવસે તેને જમતી વખતે પણ કંઈક અજુગતું બન્યાની ગંધ આવી ગઈ. સાંજે ઘરે ગયા પછી પણ માતા-પિતાને ઘરે ન જોઈ તેની ચિંતામાં વધારો થયો. સાંજનો સમય વિતી ચુક્યો હતો અને રાત્રિનું અંધકાર વધતો જતો હતો. માતા-પિતાની રાહ જોતી બન્ને બહેનો

જાગતી હતી. મોડી રાત્રે બારણું ખખડે છે. કોઈ અજાણી આફત ન હોય એ બીકે ડરતી ડરતી એલિસ દરવાજો ખોલે છે. જેવો દરવાજો ખુલ્યો એક ચીંથરેહાલ સ્થિતિમાં બહાર ઉભેલો વ્યક્તિ બીકનો માર્યો ઘરમાં આવી જાય છે. તે વ્યક્તિ એલિસના પિતાના સ્ટોરમાં નોકર તરીકે કામ કરતો હતો. નોકરની ધડકનો વધેલી હતી. તે ડરેલો હતો. એલિસે તેને બેસાડ્યો ત્યાર પછી તે થોડો શાંત થયો. મહામહેનતે તે એટલું જ બોલી શક્યો કે, 'કા...લે...લંચ......અ..વ...ર... પહેલાં....બ્વાના (શેઠ)...પર...હુ...મ...લો થયો...એ હણાયા...મેં...ઑફિસ...ને...ઉપલે...મા...ળે...જ...ઈ...મા...દા... મને...ખ...બ...ર કર્યા. તે...ઓ...આવ્યાં...ત્યા...રે ટો...ળું....તો વિખરાઈ...ગ...યું...હતું... પણ.... દુ....કા....ન....માં પેસતાં...જ પાછળથી કો...ઈ...ની બં...દૂ...ક...ની...ગોળીનો...ભો....ગ...બન્યાં....' (પૃ.૧૦, દરિયાની પાંપણમાં સૂરજ પલકે)

માતા-પિતાના છેલ્લા શ્વાસ વખતે પણ આ બે બહેનોમાંથી કોઈ તેમની પાસે નહોતું એનું દુઃખ બન્ને બહેનોને થાય છે. દીકરાની ગેરહાજરીમાં દીકરીઓ વિચારે છે કમસે કમ તેમને પોતાના માતાપિતાની લાશ મળી જાય તો તેમનું અંતિમ સંસ્કાર કરી શકાય. એ માટે તે બન્ને બહેનો બધાની નજરો બચાવતી બચાવતી ચારેક દિવસ પોતાના માતા-પિતાની લાશોને શોધવાની કોશિશ કરે છે. તેમ છતાં તેમને આખરે લાશ તો મળતી જ નથી. ચારેક દિવસ આવી રીતે રખડ્યાં પછી તેઓ પરત ફરે છે ત્યારે પોતાનું ઘર પણ ચોરો દ્વારા લૂંટાઈ ગયેલું જોઈ હવે તેમને સમજાઈ જાય છે કે આ દેશમાં રહેવું સલામત નથી. આથી તેઓ પોતાનું ઘર છોડી ચાલી નીકળે છે. પીટર સમક્ષ આ ઘટનાનું વર્ણન કરતાં કેથેરાઈન કહે છે કે, 'રસ્તે વતનીઓના ક્રૂર, પાશવી પંજાથી છટકતાં, જે કંઈ મળે તે ખાઈ લેતાં, પ્રકૃતિ અને ઋતુના ઉદ્ધત મિજાજને સહન કરતાં અને કયારેક તો એક ઉત્તુંગ વૃક્ષની સર્વોચ્ચ શાખા પર ચડીને વન્યપશુઓનાં હુંકારથી થથરી થથરીને રાત્રિ ગાળતાં ઈશ્વરકૃપાએ તેમની ઝપટમાંથી બચી જતાં યુગાંડાની સરહદ તરફ નાસવા લાગ્યાં. રસ્તાની કહાની પણ કંઈ ઓછી કારમી નથી. એ વર્ણવવાનું નથી તો મારામાં બળ કે નહિ રહ્યું હોય એલિસમાંયે ! જંગલનાં માનવીઓ જ્યારે સહવાસી નિર્દય પશુઓનાં જેવાં બને ત્યારે એની પાશવી લીલાનું વર્ણન શી રીતે કરી શકાય ? એ બધા અનુભવો તો કલ્પનાતીત છે !' (પૃ.૧૨, દરિયાની પાંપણમાં સૂરજ પલકે)

પીટર એલિસ અને કેથેરાઇનની મદદ કરે છે. એમને આશરો આપે છે. એમને એમની મરજી મુજબ એમના દેશ બેલ્જિયમ જવા માટેની તમામ કામગીરી કરી આપે છે. અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે, વતન છોડી પરાયા દેશમાં સ્થાયી થનાર ડાયસ્પોરાને જ્યારે આ દેશમાંથી અનાયાસે જવું પડે ત્યારે તેને ફરી પોતાનું વતન યાદ આવે છે. એલિસ અને કેથેરાઈન ઇચ્છત તો આફ્રિકામાં જ સ્થાયી શકી હોત પણ તેઓ આફ્રિકાને બદલે પોતાના મૂળ વતન બેલ્જિયમ જવાનું પસંદ કરે છે.

- સૂરમિલાવટ

ક્વેગ્યિર આગ્રે નામના એક બાળકની બાળપણથી મૃત્યુ સુધીની સફર આ વાર્તામાં છે. એક સમયે જ્યારે આફ્રિકામાં ગુલામોનો વેપાર થતો ત્યારે કોઈ પરદેશી દ્વારા ખરીદાયેલા પણ તક જોઈ નાસી છૂટવામાં સફળ થતા ગુલામો બધાથી ભાગી જે જગ્યાએ આશ્રય મેળવતા એ જગ્યા એટલે કે આચિમોટા. આ આચિમોટા આમ તો આફ્રિકાનો જ એક ભાગ. સમય જતાં આફ્રિકા આઝાદ થાય છે. પણ આ તો માત્ર શારીરિક આઝાદી હતી. માનસિક રીતે તો મોટાભાગના આફ્રિકનો હજી ગુલામો જ હતાં. નોકરો હતા. આ માનસિક ગુલામીમાંથી ત્યાંની મૂળ પ્રજાને બહાર લાવવા આચિમોટામાં શિક્ષણ સંસ્થાની સ્થાપના થાય છે. પાકું મકાન બંધાતું જોઈ ત્યાંની મૂળ આફ્રિકન પ્રજા વિચારે છે કે, 'આવા સરસ પાકા ચણેલા મકાનમાં રહેશે કોણ ?' (પૃ.૩૨, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) આ મકાન બંધાતું જોઈ એક નાનકડું બાળક તેમાં રહેવાના સ્વપ્નાઓ જૂએ છે. આ બાળક ધીમે ધીમે મોટો થાય છે. ભણે છે. પ્રાથમિક અને માધ્યમિક સુધીનો અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જાય છે. એમ.એ. અને પીએચ. ડી.ની પદવી પ્રાપ્ત કરે છે. આ બાળક એટલે બીજું કોઈ નહીં પણ વાર્તાનો નાયક ક્વેગ્યિર આગ્રે. અમેરિકામાં ભણી લીધા પછી એક દિવસ તેને સપનું આવે છે. સ્વપ્નમાં તેને પોતાનું વતન અને પેલી નવનિર્માણ પામતી શૈક્ષણિક સંસ્થા દેખાય છે. વાર્તા નાયક ક્વેગ્યિર આગ્રે અમેરિકા છોડી પોતાના વતન પરત ફરે છે. પેલી શિક્ષણ સંસ્થા હવે કોલેજ તરીકે કાર્યરત હતી. આ કોલેજના પ્રિન્સિપાલને ડૉ. ક્વેગ્યિર આગ્રે વિશે જાણ થતા તેઓ ડૉ. ક્વેગ્યિર આગ્રેને કોલેજના શૈક્ષણિક કાર્યમાં જોડાવવાની વિનંતી કરે છે. ડૉ. ક્વેગ્યિર આગ્રે કોલેજમાં જોડાય છે. થોડા જ વખતમાં પોતાના જ્ઞાનના લીધે વાર્તા નાયક વિદ્યાર્થીઓમાં ખૂબ નામના મેળવી લે છે. પરંતુ આ કોલેજમાં ડૉ. ક્વેગ્યિર સિવાય બધા અધ્યાપકો ગોરા હતાં આથી વિદ્યાર્થીઓમાં એક વખત ચર્ચા થાય છે કે આફ્રિકા હવે માત્ર આફ્રિકનો માટે છે, ગોરા લોકોએ આ દેશ છોડી હવે ચાલ્યા જવું જોઈએ. ડૉ. ક્વેગ્યિર પોતે રંગભેદની નીતિમાં નથી માનતા હોતા આથી પોતાના વિદ્યાર્થીઓને આ બાબતે સમજાવે છે, અને કહે છે કે, 'તમે પિયાનો પરના એકલા કાળા કે એકલા ધોળા સૂરો પર આંગળીઓ નચાવીને એમાંથી મનોહર શ્રુતિરમ્ય સંગીત પેદા કરી શકો એમ નથી, પરંતુ એ બંનેના મિશ્રણથી જામતી સૂરમિલાવટમાંથી જન્મતું સંગીત અજબ હોય છે.' (પૃ.૩૮, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) તેઓ ગરૂડ અને મરઘાનાં બચ્ચાનું પણ ઉદાહરણ આપે છે. જેની અસર એ થાય છે કે બધા વિદ્યાર્થીઓ શાંત પડી જાય છે. વર્ષો સુધી આ જ રીતે વિદ્યાર્થીઓને શિક્ષણ આપ્યાં પછી તેઓ એક વેકેશનમાં યુરોપ જાય છે. ઇંગ્લેન્ડ અને ન્યૂયોર્કની પણ સફર કરે છે. આ દરમ્યાન તેઓની તબિયત બગડે છે. બીમારીના લીધે તેમનું વિદેશમાં જ મૃત્યુ થાય છે. તેમના મૃત્યુના સમાચાર કોલેજમાં પહોંચે છે ત્યારે બધા વિદ્યાર્થીઓ હતાશ થઈ જાય છે. આ છે આ વાર્તાનું કથાવસ્તુ.

આ વાર્તામાં ડૉ. ક્વેગ્યિરનું વતનપ્રેમ તેમને પોતાના વતન પાછા ખેંચી લાવે છે. ઘણું બધું ભણ્યા પછી અમેરિકામાં સ્થાયી થઈ જઈ પૈસા કમાવવા કરતાં ડો. ક્વેગ્યિર પોતાના વતન પરત ફરે છે. એ પણ અચાનક એક દિવસ આવેલા એક સપનાને લીધે. પોતે જે જગ્યાએ જનમ્યાં ત્યાં બનેલી કોલેજમાં ભણતા આફ્રિકાના બીજા યુવાનોને શિક્ષણ થકી આગળ લાવવાના તેમના પ્રયાસો સરાહનીય છે. આમ, રંગભેદની નીતિને ભૂલી આફ્રિકનોના કલ્યાણની ખાતર પોતાનું સમગ્ર જીવન ન્યોછાવર કરી દેનાર અધ્યાપકની વતન પ્રીતિની આ વાર્તા છે.

- મિલનના આંસુ

પોસિયાનો અને આઇસા આફ્રિકન દંપતી છે. પૈસા કે સુવિધાઓનું તેમના જીવનમાં સદંતર અભાવ છે. પોસિયાનો આઇસાને ખૂબ જ માર મારતો હોય છે. આથી આઇસા પોતાના પતિ પોસિયાનોને છોડી ત્યાંથી એકલી નાસી છૂટે છે. બહુ દૂર સુધી આવી ગયા પછી એક ભારતીય દંપતિ પ્રતિભા અને પંકજના ઘરમાં તેમના બાળક પરિમલની આયા તરીકે કામ શરૂ કરે છે. આઇસાનું પરિમલને વ્હાલથી સાચવવું દંપતિને ગમે છે. તેમની ચિંતાઓ બધી દૂર થઈ જાય છે. આઇસા પણ પ્રતિભા અને પંકજને પોતાની દુઃખભરી કહાણી કહી દે છે ત્યાર પછી તો દંપતિને આઇસા પર વધારે ભરોસો બેસે છે. એવામાં પ્રતિભા અને પંકજને ભારત પાછા આવવાનો સમય નજીક આવવા લાગે છે. પરિમલથી દૂર થઈ જવાની જાણ જ્યારે આઇસાને થાય છે ત્યારે તે ખૂબ હતાશ થઈ જાય છે પણ નિયતિને કોણ બદલી શકે! આખરે પ્રતિભા અને પંકજ રેલ્વેસ્ટેશને આઇસાથી છૂટા પડે છે ત્યારે બધાની આંખો ભરાઈ આવે છે. જતાં જતાં પ્રતિભા અને પંકજ આઇસાને થોડા પૈસા અને ઘરવખરી આપતા જાય છે. આ દંપતિની પડોશમાં પ્રમિલા નામની બીજી એક ગુજરાતી સ્ત્રી રહેતી હોય છે. તે પણ આઇસાના પરિચયમાં હોય છે. પ્રમિલા આઇસાને પોતાને ત્યાં રોકાઈ જવાની સલાહ આપે છે. પણ આઇસા પોતાના શેઠશેઠાણી સિવાય બીજે ક્યાંય પણ કામ કરવાની સ્પષ્ટ ના પાડી દે છે. થોડા વખત પછી પ્રમિલાથી જ આઇસાને જાણવા મળે છે કે તેના શેઠશેઠાણી પાછા આવશે. આઇસા એ દિવસોની વાટ જોતી ભટક્યા કરે છે ત્યાં તેને તેનો પતિ પોસિયાનો પાછો મળી જાય છે. બંને પાછા પોતાની ઝૂંપડીમાં પરત ફરે છે. પણ આઇસાને હવે પરિમલ સિવાય ચેન પડતો નથી. રોજેરોજ પ્રમિલાને પૂછવા જતી આઇસાને જાણ થાય છે કે બહુ થોડાક જ દિવસોમાં તેના શેઠશેઠાણી પાછા આવવાના છે. આ સમાચાર સાંભળી આઇસા ખુશ થાય છે. તરેમી તારીખની રાહ જોતી આઇસા પરિમલને પાછો જોવા બાવરી બને છે. શેઠશેઠાણીને લેવા પોસિયાનો સાથે તે બે કલાક વહેલી સ્ટેશને પહોંચી જાય છે. પરિમલને જોતાં વેંત જ આઇસા તેને તેડી લે છે અને તેની આંખોમાંથી હરખના આંસુ ટપકી પડે છે. તે દિવસો

પોસિયાનો સાથે પાછી ઝૂંપડી જવાને બદલે આઇસા પોતાના શેઠશેઠાણીના ઘરે સાફસફાઈનું ઘણું કામ હશે એમ કહી પોશિયાનોને એકલો પાછો મોકલી દે છે.

આ વાર્તામાં ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ જેવું જોઈએ તો કશું લાગતું નથી પણ પોસિયાનો અને આઇસા જે આફ્રિકન ભાષામાં વાતચીત કરે છે એ દૃષ્ટિએ આ વાર્તાનું ભાષાકીય રીતે ખાસ મહત્ત્વ છે. એક ગુજરાતી સર્જક આફ્રિકા ખંડમાં ગયા પછી ત્યાંની મૂળ ભાષા શીખે અને તેને પોતાના સાહિત્યમાં સ્થાન આપે એ ડાયસ્પોરાએ નવી અંસ્કૃતિ સાથે સાધેલા અનુકૂલનની યશગાથા રજૂ કરે છે. આ ઉપરાંત આફ્રિકન લોકોની રહેણી કરણી, દૈનિક ક્રિયાઓ તથા તેમની જીવનશૈલી વિશે પણ સર્જકે અનુભવના આધારે શીખેલી બાબતોને આ વાર્તામાં આલેખી છે જે પણ નોંધનીય છે. તેનું એક ઉદાહરણ જોઈએ: "મુસિબતને વખતે બીજા માણસોની સહાય મેળવવા સારુ આફ્રિકનો મુખમાંથી સરતા અવાજને હથેળીના આઘાતવતી 'બા બ્બા બા બ્બા' જેવો શોર મચાવે છે." (પૃ.૯૫, દરિયાની પાંપણમાં સૂરજ પલકે)

- જહન્નમમાં ગઈ એ...

આંખની તપાસ કરાવવા એકલા આવેલા વાર્તાનાયકની આ કથા છે. દવાખાનામાં તેને વિનોદલાલ નામનો બેન્કમાં કામ કરતો એક અજાણ્યો ભારતીય યુવાન મળી જાય છે. વાર્તાનાયક તેની સાથે વાતો કરે છે. ત્યાંથી દવાખાનાનું કામ પતાવી વિનોદલાલને પોતાના મોટા બંગલે પણ લઈ આવે છે. સાથે ભોજન લેવાનો આગ્રહ કરી વાર્તાનાયક પોતાના જીવનની કથની વિનોદલાલને જણાવે છે. પોતે ૧૯૨૪માં કંપાલા પહેલી વખત પહેરેલ કપડે આવેલ. એક દુકાનમાં કામ કરી અનેક સંઘર્ષો વેઠી આજે ઘણી બધી સંપતિ એકઠી કરી શક્યા છે. વાર્તાનાયક પોતાની કથની વર્ણવતાં કહે છે કે, 'વિનોદલાલ, તમને નવાઈ લાગ્શે, પણ હું આ દેશમાં જ્યારે પહેલો વહેલો આવ્યો ત્યારે પહેર્યે લૂગડે આવ્યો હતો. કંઈક ઢસરડા ઢસડ્યા. બે વાર તો બ્લેક ફીવરમાંથી બચ્યો. એક વાર તો નિરાશ થઈને આ દેશને સદાને માટે છોડીને ચાલ્યા જવાનો મેં નિશ્ચય કર્યો, પરંતુ મોટી લડાઈએ નસીબને યારી આપી. વેપાર ધમધોકાર ચાલ્યો. ધીમે ધીમે લક્ષ્મી પગ ચાટતી થઈ. પણ લક્ષ્મી જ ખરું સુખ નથી એ મને ત્યાર પછી સમજાવા લાગ્યું.' (પૃ.૫૯, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) આ મોટી લડાઈ એટલે બીજું વિશ્વયુદ્ધ.

પણ વાર્તાનાયકની સમૃદ્ધિને તેના જ પરિવારના લોકો પચાવી શક્યા નહીં. પ્રથમ પત્નીના અવસાન પછી બીજી પત્ની અને તેમની બે પુત્રીઓ નાયકની સારસંભાળ રાખવાના બદલે વિલાસી જીવન જીવે છે; પૈસાનો વેડફાટ કરે છે. આથી, નાયકના જીવનમાં એકલાતા ઘર કરી ગઈ છે. આ એકલતાથી છૂટવા કોઈ પણ અજાણ્યા જણને પોતિકા માની તેની સાથે સમય વિતાવી પોતાની વ્યથાને હળવી કરવાનો પ્રયાસ આ

વાર્તાનાયક કરે છે. આમ, પૈસો છે, પરિવાર પણ છે છતાં એકલા પડી ગયેલા ડાયસ્પોરાની આ વ્યથાકથા છે. આવી જ એક બીજી વાર્તા છે 'ગુલામી'.

- ગુલામી

આફ્રિકામાં વર્ષો સુધી રહ્યાં પછી પણ વતનની યાદ આવતી હોવાને લીધે ધાર્મિક સ્થળોની યાત્રા માટે ભારત આવવા નીકળેલા વૃદ્ધની આ કથા છે. પોતે ઉતાવળમાં તમાકુની ડાબલી ભૂલી ગયા છે; એ વાતની જાણ તેમને ટ્રેનમાં ચડી ગયા પછી થાય છે. તમાકુ વગર ટ્રેનની લાંબી સફર કેમ પસાર થશે એ આ વૃદ્ધની તકલીફ છે. એવામાં તેને આફ્રિકાથી ભારત જતો હિંમતલાલ નામનો યુવાન ટ્રેનમાં જ મળે છે. બન્ને વચ્ચે વાતચીતનો દોર શરૂ થાય છે. તમાકુની અવેજીમાં સફર પૂરી થઈ શકે એ માટે હિંમતલાલ વૃદ્ધને તેના અનુભવો જણાવવાનું કહે છે. વૃદ્ધ પોતાની આખીજીવન કહાણી માંડીને હિંમતલાલ સમક્ષ રજૂ કરે છે. માત્ર ચાલીસ રૂપિયામાં મુંબઈથી દરિયો ઓળંગી આફ્રિકા આવી શકાતું એવા દિવસોમાં વૃદ્ધ અહીંયા આવેલા. શરૂઆતમાં એક દુકાનમાં નોકરી કરી. વિશ્વયુદ્ધના ભણકારા લાગવા લાગ્યા ત્યારે નોકરી છોડી પોતાની બધી બચત ભેગી કરી પોતે પોતાની અલગ દુકાન શરૂ કરે છે. દુકાન સારી એવી ચાલે છે. સંઘર્ષ કરી પોતે પૈસાદાર બને છે. પોતાના જૂના દિવસોને યાદ કરી વૃદ્ધ કહે છે કે, 'આપણા લોકો પણ આજના જેવા ઉડાઉ નહોતા. તેમને મન પાઈએ પાઈની કિંમત હતી. એટલા પગારમાંથીયે લોકો બચાવે ને કોઈ આવતું જતું હોય તેની સાથે બચત દેશ મોકલાવે. લોકો મમતાવાળાં પણ એટલાં જ, સાજેમાંદે સહુ ઊભાં જ હોય ! યુરોપિયનનો પણ આજે છે તેવા દાંડ નહિ.' (પૃ.૧૩૩, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) આવી રીતે પૈસા કમાઈ આ દેશમાં જ સ્થાયી થયા પછી અહીં જ જીવનસંસાર શરૂ કરે છે, તો આ બધા વચ્ચે તકલીફો પણ આવી હતી. તેનું વર્ણન કરતાં કહે છે કે, 'પ્લેગ જોયા, બ્લેકવોટર જોયા, આર્થિક ભીંસ પણ જોઇ, અને જીવનના કઇંક તડકા-છાંયા જોઈ નાખ્યા.... પત્નીને પણ સગે હાથે વળાવી.' (પૃ.૧૩૪, દરિયાની પાંપણમાં સૂરજ પલકે)

પહેલી પેઢીના ડાયસ્પોરાને શરૂઆતના દિવસોમાં વેઠેલી યાતનાઓ આ વાર્તામાં આલેખાઈ છે એ રીતે આ વાર્તા ડાયસ્પોરાના ઇતિહાસને ઉજાગર કરવામાં મદદરૂપ થાય છે. 'તડકો છાંયો' વાર્તામાં પણ પ્રથમ પેઢીના ડાયસ્પોરાની વાત થોડીક કરૂણ રીતે રજૂ થઈ છે.

- તડકો છાંયો

વાર્તાની શરૂઆત કિંગજ્યોર્જ હોસ્પિટલથી થાય છે. ઘાયલ અવસ્થામાં લવાયેલા દર્દીની સારવાર કરી તેને પથારી આપી દેવામાં આવી છે. દર્દીને ધીમે ધીમે હોંશ આવે છે. બાજુમાં બીજી પથારીવાળા દર્દી સાથે

તેની વાતચીત શરૂ થાય છે. જેથી ખબર પડે છે દર્દીનું નામ રાઘુ છે. રાઘુએ વિક્ટોરિયા સરોવરની એક પાળેથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પણ તેના કમનસીબે તળાવમાં પાણી છીછરું હોય છે અને મોટા મોટા પત્થરો હોય છે ત્યાં પોતે પટકાય છે. તેને માથાના ભાગે ગંભીર ઇજાઓ થાય છે. ટાંકા આવે છે. રાઘુને થયેલા ઘાવોને લીધે તેને અસહ્ય પીડા થાય છે. ઘટનાની જાણ થતાં પોલીસ ઇન્સપેક્ટર ત્યાં રાઘુની પૂછતાછ માટે આવે છે. પૂછતાછ દરમ્યાન રાઘુનો ઇતિહાસ સામે આવે છે. રાઘુ ગુજરાતનાં નાનકડાં ગામનો વતની હતો. પૈસા કમાવવા હોય તો આફ્રિકા જવું જોઈએ એવું તેણે ઘણાં બધાં લોકોના મુખેથી સાંભળ્યું હતું. 'આફ્રિકા એ તો ધનની ખાણ છે. દસેક વર્ષ ત્યાં ગાળીએ તો ત્રણ ચાર પીઢીને કાઢ્યું ય ખૂટે નહિ તેટલું ધન મળે, અને ખૂબ જ કામઠો માણસ હોય તો તો એ એટલું કમાય કે એનાં પરિયાનાં પરિયાં નિરાંતે ભોગવે.' (પૃ.૧૭૭, મેળાનાં પંખી) તેથી યુવા અવસ્થામાં જ પૈસા કમાવવા માટે ઘરના સભ્યોને જાણ કર્યા વિના મુંબઈ અને પછી મોમ્બાસા આવી જાય છે. પોતાની કાબેલિયતના કારણે પૈસા કમાય છે, કુટુંબને પણ મનાવી અહીંયા લઈ આવે છે. પણ આખરે જુગાર અને દારૂની આદત પડી જવાને લીધે તેની પડતી શરૂ થાય છે. ઘર અને મોટર વેંચાઈ જાય છે. દુકાન પણ ગીરવે મુકી દે છે. પોતાની આદતોને પૂરી કરવા લોકો પાસેથી ઉધાર પૈસા લે છે. તેના પર સાત આઠ હજાર શિલિંગનું દેવું થઈ જાય છે અને જેને ચુકવવા પોતે અસમર્થ લાગે છે ત્યારે આખરે અનાયાસે પોતે આ પગલું ભરે છે. આમ, મળેલી સફળતા પચાવી શકવામાં અસમર્થ નીવડેલા રાઘુની આ વ્યથાકથા બની રહે છે.

- ટાપુનો ખજાનો

આફ્રિકાની સંસ્કૃતિ, ત્યાંના લોકોની માન્યતા, પરંપરાઓ અને રીતરિવાજોની ઓળખ કરાવતી આ વાર્તા છે. અહીં રહેતા લોકોની એવી માન્યતા છે કે દેવી તેમની રક્ષા કરે છે, તેમને જીવાડે છે, જરૂરી સંસાધનો અને ચીજવસ્તુઓ પૂરી પાડવામાં તેમની મદદ કરે છે. આથી આ દેવીને ખુશ રાખવા આંખલાઓ સાથે બાથ ભીડતા યુવક – યુવતીઓની શૌર્યગાથા પણ કહી શકાય. નવી સંસ્કૃતિમાં આવ્યા પછી ત્યાંની પરંપરા જાણી તેને આ વાર્તા સાહિત્યનો વિષયવસ્તુ બનાવે છે. એ દૃષ્ટિએ આ વાર્તા ડાયસ્પોરિક છે.

આંખલાઓ સાથે બાથ ભીડતી વખતે યુવક યુવતીઓની ચપળતા અને ઉત્સાહ સરાહનીય છે. તો તેઓ પોતાની સ્ફૂર્તિના લીધે આંખલા પ્રહારથી વારંવાર બચી જવામાં સફળ રહે છે. હા, ક્યારેક એમાં નિષ્ફળતા પણ મળતી હોય છે. આવી જ રીતે એક વખત આંખલા સાથે બાથ ભીડતી વખતે આંખલાએ પોતાના ધારદાર શિંગળા યુવતીની સાંથળમાં ભરાવી દીધા હતા જેથી તે યુવતીની સાથળ ચિરાઈ ગઈ હતી. અહીંના લોકોની માન્યતાનું એક ઉદાહરણ જોઈએઃ 'હે મા ! અત્યારે તારી કીર્તિનાં ગાન ગાવા તારી શક્તિને નામે આ ચોગાનમાં અમે સહુ એકત્રિત થયા છીએ. વીર યુવક-યુવતીઓ સઘળાંય તમારે ખાતર તેના

વહાલામાં વહાલા જીવનું બલિદાન દેવા આતુર છે. આ પાત્રમાંની મદિરા જેમ ભૂમિની તરસ છિપાવશે અને એને સંતુષ્ટ કરશે તેમ તમે પરિતૃપ્ત રહીને અમારે સારું, અમારાં કુટુંબોને કાજે મબલખ ધનધાન્ય આપજે અને અમને તારી વધુ કૃપાપાત્ર બનાવજે !' (પૃ.૬૪, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) આમ, દૈવીય તત્ત્વોમાં વિશ્વાસ રાખતી શ્રદ્ધાળુ લોકોની આ વાર્તા છે.

- 'યુથેનેસિયા' ? હું ક્યાં એમાં માનું છું ?

દવાખાનાની પથારીએ પડેલા ભારતીય વૃદ્ધની સ્વગતોક્તિ તરીકે કહેવાયેલી આ વાર્તા છે. વૃદ્ધને અસહ્ય બીમારી છે. જેનો કોઈ ઇલાજ શક્ય નથી આથી ના છૂટકે યુથેનેસિયા (ઇચ્છા મૃત્યુ)ની તૈયારીઓ ચાલે છે. તંદ્રા અવસ્થામાં પોતાની જાત સાથે જ પોતે વાત કર્યા કરે છે. તેને તદ્દન સફેદ વસ્ત્રોમાં કોઈ માણસ દેખાય છે. મૃત્યુ નજીક છે એનો આ અંદેશો છે. સીધી રીતે બીજું કોઇ પાત્ર આ વાર્તામાં કશું બોલતું નથી. આ સમયે પરિવારના બધા લોકો આસપાસ છે. આવી બીમારીમાં પણ તે પોતાના સ્વદેશ ભારત અને વિદેશની પરિસ્થિતિઓ અને બન્ને જગ્યાએ વૃદ્ધોની સ્થિતિમાં કેટકેટલો તફાવત છે, તેની તુલના કરે છે. તે કહે છે કે, 'મારા દેશમાં કંઈક ને કંઈક કરવામાં આરામ મળે. આ સુધરી ગયેલા દેશમાં પ્રવૃતિથી દૂર જવામાં આરામ મળે. પાંસઠ વર્ષ પછી પેન્શનનો આ દેશ....તમારે રહેવા માટે અલાયદી સગવડો.... પણ એનું ધ્યાન જાતે રાખવાનું. મારા દેશમાં બુઢ્ઢાંયે ઘરમાં, એમની ચાકરી પણ ઘરમાં. બધાં જ એની ખાતર બરદાસ્ત કરે. ત્યાં વળી હોસ્પિટલો, નિષ્ણાંતો, નર્સો – એ બધું કેવું ! ઑપરેશનની જરૂર જ ન પડે.' (પૃ.૨૪૦, દરિયાની પાંપણમાં સૂરજ પલકે) અહીં, આ વિધાનો દર્શાવે છે કે ભારતમાં વૃદ્ધોની દેખરેખ કેવી રીતે રાખવામાં આવતી હોય છે. તો જીવનની છેલ્લી ક્ષણોમાં કોઈ ગોર કે શાસ્ત્રીને મળવાની ઇચ્છા તેની પૂરી થતી નથી. કેમકે, વિદેશમાં તો ગોર ક્યાંથી હોય ? આથી પાદરીને તે 'અંગ્રેજી ગોરબાપા'માની લે છે. વિદેશમાં આવ્યા પછી ભારતની બધી જ બાબતો મળી રહેવી શકય ક્યાંથી હોય! આથી જ વિદેશમાં આવ્યા પછી દિવાળીના બદલે નાતાલ ઉજવતા તેઓ થઈ ગયેલા છે. જે ડાયસ્પોરાએ નવી સંસ્કૃતિ સાથે સાધેલા સમન્વનું દૃષ્ટાંત છે.

આમ, બાકીની બીજી વાર્તાઓ કરતાં લાઘવમાં રજૂ થતી આ વાર્તા દ્વારા ભારત અને વિદેશની અનેક બાબતોમાં રહેલી ભિન્નતા દ્વારા પ્રગટે છે.

❖ ૩.૪ ભાનુશંકર વ્યાસના ડાયસ્પોરિક સાહિત્યનું સાંસ્કૃતિક અને સાહિત્યિક મૂલ્યાંકન

કવિએ સ્થળાંતરને સહજતાથી સ્વીકારી લીધું છે. વતન છોડવાની તેમને કોઈ વિશેષ વેદના થઈ હોય એવા કાવ્યો તેમની પાસેથી મળતાં નથી. જીવનના ઘટનાક્રમ મુજબ જે થયું તે સ્વીકારી નવી પરિસ્થિતિમાં ગોઠવાઈ જનાર આ કવિ છે. આમ, એવું કહિ શકાય છેઃ ભાનુશંકર વ્યાસની કૃતિઓમાં કવિત્વશક્તિ છે,

સાહિત્યિકતા છે પરંતુ ડાયસ્પોરિક લાક્ષણિકતાઓ બહુ ઓછી જોવા મળે છે. બળવંત જાની પણ ભાનુશંકર વ્યાસના સાહિત્યસર્જન વિશે વાત કરતી વખતે નોંધે છે કે, 'ભાનુશંકર ઓધવજી વ્યાસની કાવ્યસૃષ્ટિમાંથી પસાર થતાં તેમની સંસ્કૃતનિષ્ઠ પદાવલિ બોટાદકરનું સ્મરણ કરાવે છે, પણ ભાવની દષ્ટિએ તેઓ બોટાદકર ગોત્રના ગંહમંત્રાત્યની કવિતાના ઉદ્ગાતા નથી પણ ગ્લોબલ માંગલ્યની કવિતાના ઉદ્ગાતા જણાય છે. ભારે ચોકસાઈપૂર્વક છંદનો વિનિયોગ, ક્યાંય પદાવલિમાં લય તૂટતો ન જણાય અને કલ્પનાનું તત્ત્વ પણ ઔશિત્યપૂર્વક રૂપે પ્રયોજાયેલું જોવા મળે છે. અતીત સ્મૃતિના નિરૂપણમાં કે નવધારણ કરેલી ભૂમિના ગાન ગાવામાં ક્યાંય દર્દ નથી, પીડા નથી પણ નરી પ્રસન્નતા છે. ભાનુભાઈ આનંદના પ્રસન્નતાના અને પુરનુભૂતિના ઉદ્ગાતા છે.' (ડાયસ્પોરા સારસ્વત : ભાનુશંકર ઓ. વ્યાસ, બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૨, પૃ.૪૪)

ભાનુશંકર વ્યાસની મોટાભાગની વાર્તાઓમાં એક ડાયસ્પોરા કોઈ બીજા વ્યક્તિ સમક્ષ પોતાના ભૂતકાળની કથની રજૂ કરતો હોય તેવી એક જ પ્રકારની જ આલેખન પદ્ધતિ જોવા મળે છે. આ રીતે રજૂ થતી કથામાં સ્વદેશથી પોતે કરેલું સ્થળાંતર, શરૂઆતના સમયમાં તેણે કરેલી મહેનત અને અંતે વર્તમાનમાં અલગ અલગ પરિસ્થિતિઓમાં મુકાયેલો ડાયસ્પોરા અહીં જોઈ શકાય છે. તેમની વાર્તાઓની બીજી એક નબળાઈ એ પણ છે કે મોટા ભાગની વાર્તાના શીર્ષકો તેમના કથાવસ્તુને કોઈપણ રીતે બંધબેસતા નથી. તો ક્યારેક એવું પણ લાગે છે કે આ વાર્તાઓમાં કથાવસ્તુ છે પણ આખરે વાર્તાતત્ત્વ ખૂટે છે. કદાચ આ વાત સર્જક પોતે જાણતા પણ હોય એવું તેમની પ્રસ્તાવના પરથી લાગે છેઃ 'દોઢેક દાયકાથી લખાવી શરૂ થયેલી અને છૂટક છૂટક સમયે પ્રગટ થતી રહેતી અહીં ગ્રંથસ્થ થતી વાર્તાઓમાં ઉપર્યુક્ત તત્ત્વો છે કે નહિ અથવા શું છે ને શું નથી— એની ઉપાધિમાં હું પડયો નથી. એ કામ તો વાચકે—વિવેચકોનું છે. મારા પૂરતો તો હું અંતરમાંથી વહેતા વાર્તા - પ્રવાહના પ્રતીક શા આ ગ્રંથને વાચકો સમક્ષ રજૂ કરી ને જ સંતોષ લઉં છું. આ કારણે જ અત્રે પ્રગટ થતી વાર્તાઓમાં વસ્તુગૂંથણી, પાત્રાલેખન, આંતર્બાહ્ય સંઘર્ષ કે પ્રસંગની તર્કબદ્ધતા આદિ નવલિકાદેહનાં જડ અવયવોને- તત્ત્વોને હું કેટલે અંશે વાર્તાનાં કોળીયાંમાં પૂરી શક્યો છું તે જોવાનું કે તેનું પૃથક્કરણ કરવાનું કાર્ય માથે લેવાનું મેં ઉચિત ધાર્યું નથી' (પૃ. ૮, મેળાનાં પંખી)

વળી, ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય ક્ષેત્રે ભાનુશંકર વ્યાસનું નામ એટલે પણ લેવું પડે કે, 'નર્મદ અર્વાચીનોમાં આદ્ય છે તેમ અનેક બાબતે બળવંત નાયક અને ભાનુશંકર ઓધવજી વ્યાસ પણ ડાયસ્પોરા સાહિત્ય પરંપરામાં આદ્ય છે.' (ડાયસ્પોરા સારસ્વત : ભાનુશંકર ઓ. વ્યાસ, બળવંત જાની, પાર્શ્વ પબ્લિકેશન, પ્રથમ આવૃત્તિઃ ૨૦૧૨, પૃ.૧૫) તેમ છતાં એ પણ હકીકત છે કે બળવંત નાયક પાસેથી જેટલું અને જે પ્રકારનું ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્ય મળ્યું છે તેવું ભાનુશંકર ઓધવજી વ્યાસ પાસેથી મળ્યું નથી.